# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત

## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ

Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board

## વાર્ષિક પરીક્ષા મહિલામંડળ નું પેપર

સવાલ સાથે જવાબ પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ ● સમય: સવારે ૯ થી ૧૨ ● શ્રેણી: ૧ ● ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.: ૧ પાઠની પૂર્તિ કરો :** **(૨૪) ૫૦**

(ક) (૧) મયલ ........... નામધેયં

**જ:** (૧) મયલ મરૂય મણંત મકખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિધ્ધિગઇ નામધેયં

(૨) તંજહા ............ અણવટ્ઠિયસ્સ

**જ:** (૨) તંજહા તે આલેઉ મણ દુપ્પાણહાણે વયદુપ્પણિહાણે કાય દુપ્પણિહાણે સામાઇયસ્સ સઈ અકરણયાએ, સામાઇયસ્સ અણવટ્ઠિયસ્સ

(૩) વંદામિ ........... ચેઇયં

**જ:** (૩) વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઇયં

(૪) સંભવ ........... સીયલ

**જ:** (૪) સંભવ મભિનંદણં ચ સુમઇં ચ પઉમપ્પહં સુપાસં જિણં ચ ચંદપ્પહં વંદે સુવિહિં ચ પુષ્ફદંતં સીયલ

(૫) પરિયાવિયા ........... તસ્સ

**જ:** (૫) પરિયાવિયા કિલામિયા ઉદ્વિયા ઠાણા ઓઠાણં સંકામિયા જીવિયાઓ વવરોવિયા તસ્સ

(૬) સરણ દયાણં ........... સારહીણં

**જ:** (૬) સરણ દયાણં જીવ દયાણં બોહિયાણં ધમ્મદયાણં ધમ્મ દેસયાણં ધમ્મ નાયગાણં ધમ્મ સારહીણં

(૭) ઉત્તમા ........... આઇચ્ચેસુ

**જ:** (૭) ઉત્તમા સિધ્ધા આરૂગ્ગ બોહિલાભં સમાહિ વરમુત્તમં દિંતુ ચંદેસુ નિમ્મલયરા આઇચ્ચેસુ

(૮) ખેલ સંચાલેહિં ........... કાઉસગ્ગો

**જ:** (૮) ખેલ સંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં એવમાઈએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસગ્ગો

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો :** **(૮)**

| | | |
|---|---|---|
| (૧) સંઘટ્ટિયા | **જવાબ :** | સ્પર્શ કરી ખેદ પમાડ્યો હોય |
| (૨) જાવ | **જવાબ :** | જ્યાં સુધી |
| (૩) વિસોહી કરણેણં | **જવાબ :** | આત્માને (વિશુધ્ધ) વધારે નિર્મળ કરવાને |
| (૪) ચેઇયં | **જવાબ :** | આપ જ્ઞાન સ્વરૂપ છો |
| (૫) વવરોવિયા | **જવાબ :** | જુદા કર્યા – મારી નાખ્યા હોય |
| (૬) ઠાણેણં | **જવાબ :** | એક જ સ્થાને સ્થિર રાખીને |
| (૭) મંગલં | **જવાબ :** | આપ મંગલરૂપ છો |
| (૮) ગમણાગમણે | **જવાબ :** | રસ્તામાં જતાં – આવતાં |

**(ગ) નીચેના શબ્દોનું માગધી લખો :** **(૮)**

| | | |
|---|---|---|
| (૧) કીડિયારાં વગેરે જીવોના દર | **જવાબ :** | ઉત્તિંગ |
| (૨) ચક્કર આવવાથી | **જવાબ :** | ભમલીએ |
| (૩) પ્રદક્ષિણા કરીને | **જવાબ :** | પયાહિણં |
| (૪) ધૂળ આદિથી ઢાંકયા હોય | **જવાબ :** | વત્તિયા |
| (૫) ઉપાધ્યાય ભગવંતોને | **જવાબ :** | ઉવજ્ઝાયાણં |
| (૬) અલગ કરું છું | **જવાબ :** | વોસિરામિ |
| (૭) જીવનથી જ | **જવાબ :** | જીવિયાઓ |
| (૮) વિશેષ શ્રેષ્ઠ બનાવવા માટે. | **જવાબ :** | ઉત્તરી કરણેણં |

**(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો :** **(૧૦)**

૧) અરિહંત કોને કહે છે ? કેટલા કર્મનો ક્ષય કર્યો છે અને કયા કયા ?

**જ:** ૧) અરિહંત અને તીર્થંકર બંને એકજ કહેવાય. તીર્થની સ્થાપના કરનાર પુરૂષને તીર્થંકર કહેવાય.
તેમણે ચાર કર્મનો ક્ષય કર્યો છે.
જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય કર્મ ક્ષય કર્યા છે.

૨) મધ્યમ વંદના, ઉત્કૃષ્ટ વંદના કયા પાઠથી થાય છે ?

**જ:** ૨) મધ્યમ વંદના – તિકખુત્તોના પાઠથી
ઉત્કૃષ્ટ વંદના –પ્રતિક્રમણના ત્રીજા પાઠથી થાય છે.

૩) અરિહંત, સિધ્ધ, આચાર્ય અને સાધુ – સાધ્વીજીના ગુણ કેટલા ?

**જ:** ૩) અરિહંતના ગુણ – ૧૨
સિધ્ધતા ગુણ – ૮
આચાર્યના ગુણ – ૩૬
સાધુ – સાધ્વીજીના ગુણ – ૨૭

૪) પ્રદક્ષિણા ત્રણ વાર શા માટે ?

**જ:** ૪) સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્ર જેવા ગુણો આપણામાં પ્રગટ થાય તે માટે પ્રદક્ષિણા ત્રણ કરાય છે.

૫) શ્રાવક કોને કહે છે ?

**જ:** ૫) જે કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ (સાંભળે) કરે અને શકિત પ્રમાણે આચરે, તેને શ્રાવક કહે છે,
શ્રધ્ધા પૂર્વક વિનય – વિવેક સાચવીને જે ક્રિયા કરે તે શ્રાવક.

**પ્ર.: ૨ નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો :** **૧૫**

૧) પંદરમા અને એકવીસમા તીર્થંકર.

**જ:** ૧) પંદરમા તીર્થંકર – શ્રી ધર્મનાથ સ્વામી
એકવીસમાં તીર્થંકર – શ્રી નમિનાથ સ્વામી

૨) બીજા અને સાતમા ગણધર.

**જ:** ૨) બીજા ગણધર – અગ્નિભૂતિજી
સાતમા ગણધર – અકંપિતજી

૩) ચોથા અને નવમા શ્રાવક.

**જ:** ૩) ચોથા શ્રાવક – સુરાદેવ શ્રાવક
નવમા શ્રાવક – નંદિની પિતા શ્રાવક.

૪) સાતમા અને પંદરમા સતી.

**જ:** ૪) સાતમા સતી – મૃગાવતીજી
પંદરમા સતી – પ્રભાવતીજી.

૫) ત્રીજું અને છઠ્ઠું છ'કાયના ગોત્રનું નામ.

**જ:** ૫) ત્રીજું છ'કાયના ગોત્રનું નામ – તેઉકાય (અગ્નિ)
છઠ્ઠું છ'કાયના ગોત્રનું નામ – ત્રસકાય (હાલતા ચાલતા જીવો).

૬) પહેલું અને છઠ્ઠું કર્મ.

**જ:** ૬) પહેલું કર્મ – જ્ઞાનાવરણીય કર્મ
છઠ્ઠું કર્મ – નામ કર્મ.

૭) પાંચમું અને આઠમું તત્ત્વ.

**જ:** ૭) પાંચમું તત્ત્વ – આશ્રવ તત્ત્વ
આઠમું તત્ત્વ – બંધ તત્ત્વ.

૮) તત્ત્વ કેટલા પ્રકારના છે ? ફક્ત સંખ્યાઓ લખો.

**જ:** ૮) તત્ત્વ ના નવ પ્રકાર છે. બીજી રીતે તત્ત્વના ત્રણ પ્રકાર છે.

**પ્ર.: 3 પ્રશ્નોના જવાબ લખો :**

**(ક)** ૧) ધર્મ એટલે શું ? **૧૦ ૧૫**

**જ:** ૧) ૧) જેનો વિચાર કરવાથી, આચરણ કરવાથી, જેનું શરણું લેવાથી દુર્ગતિમાં ન જવું પડે તેને ધર્મ કહેવાય. ૨) જીવને દુર્ગતિમાં પડતાં અટકાવે અને આત્મા ગુણોને પ્રગટાવે તે ધર્મ ૩) ધર્મ એટલે ભલાઈ કરવી, બુરાઈ છોડવી.

૨) વાણી – વિવેક કોને કહે છે ?

**જ:** ૨) પોતાને કે બીજાને હિતકારી અને પ્રિયકારી વાણી બોલવી તેને વાણી – વિવેક કહે છે

૩) જમતી વખતે શું કરીશ તેના બે મુદ્દા લખો.

**જ:** ૩) ૧) જમતાં પહેલાં હું પાંચવાર નવકાર મંત્ર બોલી સુપાત્રદાનની ભાવના ભાવીશ
૨) ભોજનમાં સ્વાદ માટે ઉપરથી કાચું મીઠું વગેરે સચેત વસ્તુ વાપરીશ નહિ.

૪) બીજાનું ધન જોવાથી શેનું નુકસાન થાય છે ?

**જ:** ૪) બીજાનુ ધન જોવાથી ૧) ચોરીનું મન થાય ૨) ધનનો લોભ જાગે.

૫) સંવરના પચ્ચક્ખાણમાં, દ્રવ્ય થકી એટલે શું ?

**જ:** ૫) ૧૮ પાપ અને પાંચે આશ્રવ સેવવાના પચ્ચક્ખાણ.

૬) જ્યાં ૩ હોય ત્યાં શું બોલાય ?

**જ:** ૬) જ્યાં ૩ હોય ત્યાં નમો આયરિયાણં બોલાય.

૭) ગુચ્છો શેનો બનેલો છે અને એનો ઉપયોગ શું કરવાનો ?

**જ:** ૭) ગુચ્છો ઊનનો બનેલો હોય. તેને પકડવા માટે નાની લાકડાની દાંડી અથવા નાકી (બહેનના ગુચ્છામાં) હોય, કીડી, મંકોડા, કંથવા જેવા નાના જીવજંતુઓ આસન કે શરીર પર ચડી આવે તો ગુચ્છાથી જતના પૂર્વક દૂર કરાય. ગુચ્છાથી તેને પીડા થતી નથી.

**જ:** ૮) દરિદ્ર અને મૂર્ખ કોણ છે ?

૮) તૃષ્ણાવાળો (ઇચ્છાવાળો) દરિદ્ર છે અને અમૂલ્ય માનવ ભવ ગુમાવે તે મૂર્ખ છે.

૯) ઉત્તમ દાન કેટલા અને ક્યાં ક્યાં ?

**જ:** ૯) ઉત્તમ દાન ચાર છે. અભયદાન, જ્ઞાનદાન, સુપાત્રદાન, ઉચિત્તદાન.

**૧૦) જય જિનેન્દ્ર બોલવાથી શું લાભ થાય છે તેના બે મુદ્દા લખો.**

**જ:** ૧૦) જય જીનેન્દ્ર બોલવાથી ૧) અનંત જિનેશ્વર ભગવંતોનો જય થાય છે. ૨) જૈન ધર્મનું ગૌરવ વધે છે.

**(ખ) ખાલી જગ્યા પૂરો :** **(૫)**

(૧) જે આશાનો દાસ હોય તે ............ .

**જ:** (૧) જે આશાનો દાસ હોય તે જગતનો દાસ હોય .

(૨) વિવેક એક ............ ધન ભંડાર છે.

**જ:** (૨) વિવેક એક કીંમતી ધન ભંડાર છે.

(૩) દુ:ખમાં ............ ન રોશો.

**જ:** (૩) દુ:ખમાં રોદણાં ન રોશો.

(૪) ............ ની સોબત કરીશ નહીં.

**જ:** (૪) કુમિત્રો ની સોબત કરીશ નહીં.

(૫) વિનયથી ............ નો વિકાસ થતાં આપણે સુખી થઈએ છીએ.

**જ:** (૫) વિનયથી આત્માનો વિકાસ થતાં આપણે સુખી થઈએ છીએ.

**પ્ર.:૪ કથાના આધારે જવાબ આપો.** **૧૦**

૧) રમત રમતાં વર્ધમાનને શેની ભેટ મળી ? કેવી રીતે ?

**જ:** ૧) રમત રમતાં પરિક્ષા કરવા આવેલ દેવ હારી જાય છે અને નક્કી કર્યા પ્રમાણે પિશાચનું રૂપ ધારણ કરે છે પરંતુ વર્ધમાન બીલકુલ ડર્યા નહિ અને એકજ મુઠ્ઠી મારી દેવને નમાવી દીધા તેથી ખુશ થયેલ દેવ પ્રગટ થઈ મહાવીર નામ આપ્યુ.

૨) નવકાર મંત્ર મળવાથી જાણે અમરકુમારને શું મળ્યું ?

**જ:** ૨) નવકાર મંત્ર મળવાથી જાણે ડૂબતાને નાવડી અને બેસહારાને સહારો મળ્યો હોય તેવો આનંદ થઈ ગયો.

**૩) અમરકુમારે સંસારની અસારતા કેવી રીતે જાણી ?**

**જ:** ૩) ખુદ માતા પિતા પુત્રને વેંચવા તૈયાર થયા તેથી અમરકુમારને સંસાર સ્વાર્થી લાગે છે અસાર લાગે છે.

**૪) બાળસહજ ચેષ્ટાથી અતિમુક્ત મુનિએ શું કર્યું ?**

**જ:** ૪) બાળ સહજ ચેષ્ટાથી માટીની પાળી બાંધી પાણીને રોકી લીધું અને તેમાં પોતાનું પાત્રું પાણીમાં તરતું છોડી દીધું.

૫) દેવ કોનું રૂપ લઈ ભગવાન મહાવીરને ડરાવવા આવ્યા હતા ?

**જ:** ૫) દેવ પિશાચનુ વિકરાળ રૂપ લઈ આવ્યા હતા.

**૬) સંયમ જીવન દરમ્યાન પ્રભુ વીરને કોણે કોણે કષ્ટ આપ્યા ?**

**જ:** ૬) સંયમ જીવન દરમ્યાન સંગમ દેવે, સંગમ ગોવાળે, જેવા અનેક લોકોએ કષ્ટ આપ્યા.

**(ખ) કોણ બોલે છે, કોને કહે છે ?**

૧) શું કહ્યું પુત્ર, સ્પષ્ટ કહો.

**જ:** ૧) અતિમુક્તના માતા - પિતા બોલે છે, અતિમુક્તને કહે છે.

૨) તું પણ અમૃતનો દરિયો છે.

**જ:** ૨) ભગવાન બોલે છે, ચંડકૌશિકને કહે છે.

૩) તમે ઢંઢેરા સાંભળ્યો ?

**જ:** ૩) અમરની માતા તેના પિતાને કહે છે.

૪) તમને જેમ સુખ ઊપજે એમ કરો.

**જ:** ૪) ભગવાન બોલે છે અતિમુક્તને કહે છે.

**પ્ર. : ૫ કાવ્યની પૂર્તિ કરો :** **૧૦**

૧) નવ તત્ત્વો ............ બલિદાન છે.

**જ:** ૧) નવ તત્ત્વો નું જ્ઞાન છે, ભાઈ મહાવીરના સંતાન છે
જન્મયા છે તો ધર્મને માટે, જીવવું છે તો ધર્મને માટે
ધર્મ માટે બલિદાન છે.

૨) રમે છે ............ મંત્ર બોલીને.

**જ:** ૨) રમે છે જ્ઞાનના દાને, નમું છું ભાવથી તેને
અખિલ લોકે મુનિરાજો જગતના મોહ મારીને
ગુંથાયા આત્મ શુધ્ધિમાં, નમું છું ભાવથી તેને
અમારી આત્મ શુધ્ધિનો વહાલો મંત્ર બોલીને.

૩) વહેલા ઊઠી ............ ઝળકાવીએ.

**જ:** ૩) વહેલા ઊઠી જઈએ, નવકાર મંત્ર ગણીએ,
જય જિનેન્દ્ર બોલીએ, મહાવીરના શાસનમાં
હસતાં - રમતાં રહીએ, ગુસ્સો નહિ કરીએ,
સંપ સેવા સાધીએ, મહાવીકનાં શાસનમાં
મોટા જ્યારે થઈએ, શાસનને ઝળકાવીએ.

|| જય જિનેન્દ્ર ||